પ્રોજેકટ “પા પા પગલી” યોજના બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : WCDD/IMR/e-file/23/2026/0590/B
સચિવાલય, ગાંધીનગર.
તા.:- ઈ-સાઇન મુજબ

વંચાણે લીધા :

(૧) વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક આઇસીડી/૧૧૨૦૨૦/૨૧૮૦/બ

(૨) વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક WCDD/DRA/e-file/23/2022/0020/B1

(૩) કમિશ્નર આઇ.સી.ડી.એસ.ની કચેરીના તા.૦૧/૦૫/૨૦૨૬નો પત્ર ક્રમાંક ICDS/BJT/e-file/257/2026/0230/ECCE(PSE)

પ્રસ્તાવના :

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) હેઠળના ઠરાવથી શિક્ષણ નીતિ -૨૦૨૦ અંતર્ગત ૩ થી ૫ વર્ષના બાળકોને આંગણવાડી કેન્દ્રમાં જ પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવા તેમજ બાળકોમાં શિક્ષણનો પાયો આંગણવાડી કેન્દ્રમાં જ મજબુત કરવા સારૂ પ્રોજેકટ પા પા પગલી હેઠળ પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટેના તાલીમબધ્ધ શિક્ષકો (કન્સલટન્ટ / ઇન્સ્ટ્રકટર)ને તાલીમ આપી તૈયાર કરવાનું આયોજન કરવામાં આવે છે. આ જરૂરી પુર્વ પ્રાથમિક શિક્ષણ અંગેના ઓનલાઇન / ડિસટન્સ લર્નિંગ કોર્સ **Gujarat council of Education, Research & Training (GCERT)** દ્વારા તૈયાર કરી તેની તાલીમ આપવામાં આવે છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના ઠરાવથી પ્રોજેકટ પા પા પગલી અંતર્ગત પી.એસ.ઇ. ઇન્સ્ટ્રકટરના માસિક પગારમાં વધારો કરવામાં આવેલ હતો. કમિશ્નર આઇ.સી.ડી.એસ.ની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક (૩)ના પત્રથી પ્રોજેકટ પા પા પગલી અંતર્ગત બજેટમાં થયેલ વધારા મુજબ ખર્ચ કરવા અંગેની મંજુરી આપવા વિનંતી કરેલ છે. પ્રસ્તુત મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ :

પ્રોજેકટ પા પા પગલી યોજના અંતર્ગત નીચે દર્શાવ્યા મુજબ ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર પગારની વિગત			
કક્ષા	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	માસિક પગાર
જિલ્લા કક્ષા	ડિસ્ટ્રીક્ટ PSE ઈન્સ્ટ્રક્ટર	૩૯	૨૪,૦૦૦/-
ઘટક કક્ષા	બ્લોક PSE ઇન્સ્ટક્ટર	૪૨૬	૧૬,૦૦૦/-

પ્રોજેક્ટ “પા પા પગલી” ખર્ચની વિગત	ખર્ચ (રૂ. કરોડમાં)

જિલ્લા/ઘટક PSE ઇન્સ્ટક્ટરનાં પગાર	જિલ્લા/મનપા કક્ષા।	(૨૪,૦૦૦ + GST + Service Charge) x ૧૨ x ૩૯ (PSE ઇન્સ્ટક્ટર)	૧.૩૮
	ઘટક કક્ષા।	(૧૬,૦૦૦ + GST + Service Charge) x ૧૨ x ૪૨૬ (PSE ઇન્સ્ટક્ટર)	૧૦.૦૨
પ્રચાર અને પ્રસાર (ઓડિયો વિઝ્યુઅલ, પ્રિનટેબલ તથા છાપકામની અન્ય કામગીરી)	રાજ્ય કક્ષા।	૩,૦૦,૦૦૦/-	૦.૦૩
	જિલ્લા/મનપા કક્ષા।	૨,૪૫,૦૦૦ x ૪૧(જિલ્લા/મનપા) = ૧,૦૦,૪૫,૦૦૦	૧.૦૦
	ઘટક કક્ષા।	૧.૦૦,૦૦૦ × ૪૨૬(ઘટક) = ૪,૨૬,૦૦,૦૦૦/-	૪.૨૬
બાળકોના ડેવલોપમેન્ટ અસેસમેન્ટ (બાળકોનાં સર્વાંગી વિકાસ અને શાળા તત્પરતાનું આકલન: ડેવલોપમેન્ટ એસેસમેન્ટ- બાળકોનાં સર્વાંગી વિકાસનું મોનીટરીંગ, તાલીમ, મીટીંગ, વર્કશોપ,બાળ મેળા, પરચુરણ ખર્ચ તેમજ વહીવટી ખર્ચ)	જિલ્લા/મનપા કક્ષા।	૬,૦૦,૦૦૦ ×૪૧(જિલ્લા/મનપા) =૨,૪૬,૦૦,૦૦૦	૨.૪૬
પ્રોજેક્ટ “પા પા પગલી” નું મોનીટરીંગ બાળકના સર્વાંગી વિકાસનું મોનીટરીંગ, તાલીમ, મીટીંગ, વર્કશોપ, બાળ મેળા, પી.એસ.ઈ. ઇન્સ્ટ્રક્ટર મેનેજમેન્ટ સિસ્ટમ એપ તૈયાર કરવી.	રાજ્ય કક્ષા।	૩૦,૦૦,૦૦૦/-	૦.૫૦
	ઝોન કક્ષા।	૨૦,૦૦,૦૦૦/-	
પ્રોજેક્ટ “પા પા પગલી” અન્ય વહીવટી ખર્ચ	રાજ્ય કક્ષા।	૩,૦૦,૦૦૦/-	૦.૦૩
પ્રોજેક્ટ “પા પા પગલી અન્ય પરચુરણ ખર્ચ	રાજ્ય કક્ષા।	૨,૦૦,૦૦૦/-	૦.૦૨
		કુલ(૩. કરોડમાં)	૧૯.૭૦

આ સુધારા ઉપરાંત આ વિભાગ દ્વારા પ્રોજેકટ પા પા પગલી યોજના અંગે વખતો વખત પ્રસિધ્ધ કરવામાં આવેલ ઠરાવોની અન્ય જોગવાઇઓ અને શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે કરવાનો રહેશે તથા આ મંજુરી અનુવયે ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ અન્ય હેતુ માટે કરી શકાશે નહી.

માંગણી ક્રમાંક – ૧૦૬ (જનરલ)

મુખ્ય સદર- ૨૨૩૬ પોષણ (પ્લાન)

પેટા મુખ્ય સદર – ૦૨ પોષણ ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર – ૧૦૧ અન્ય ખર્ચ

પેટા સદર – ૨૨ મિશન બલમ સુખમ – આઇ.સી.ડી.એસ.(૧૦૦% રાજ્ય)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૬/૧૦/ ૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અનુવયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(જે પી વસાવા)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. રા.ક.મંત્રીશ્રી,(સ્વ.હ.) મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

૨. સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩. કમિશ્નરશ્રી,(ICDS) મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક ૨૦ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૪. એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.

૬.સેકશન અધિકારીશ્રી,બજેટ-શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ.-વેબ સાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

૮. શાખા સિલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:S P Vasava
Deputy Secretary
Date:2026.11.02
15:30:09 +5:30

Open the document in Adobe Acrobat DC to verify the E-sign